**<u>મે. અમદાવાદ એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટેટ કોર્ટ નં. ૧૩ સાહેબની કોર્ટમાં.</u>**

**<u>કેસ નં.. ૭૬૮૯૪/૧૮</u>**

ફરિયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– એજાજ જીલાનીભાઈ શેખ

**<u>તહોમત :–</u>** ઈ.પી.કોડની કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ.

**<u>–: જજમેન્ટ:–</u>**

(૧) હાલના કામે આરોપી સામે ઉપરોકત ગુનાનું તહોમતનામુ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીની આંક– ૨ થી પ્લી લેતાં આરોપીએ તેની સામેના આક્ષેપોનો આંક– ૩ ની કબુલાત પુરશીશથી સ્વેચ્છાએ સ્વીકાર કરેલ છે. આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોય આરોપીને ગુનેગાર ઠરાવવામાં આવે છે. આરોપી કોર્ટ સમક્ષ દયાની માંગણી કરે છે. ઉપરોકત કેસના સંજોગો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આરોપીને ક્રિ.પ્રો. કોડ કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા ઈ.પી.કોડની કલમ ૨૭૯ માં રૂા. **<u>૧૦૦૦/–</u>** (અંકે રૂપિયા એક હજાર પુરા) તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ માં રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા) કુલ રૂા. ૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા) દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન **<u>૫</u>** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૯ માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૦૯ /૦૩ /૨૦૧૯

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ.
કોડ નં. જી.જે. ૦૧૦૨૩